**GOVERNMENT ARTS COLLEGE SAGBARA**
**TA – SAGBARA, DI-NARMADA**
**Contact No – 8905050150 Website: gacsagbara.gujgov.edu.in**
**Email : psagbara@gmail.com**
**Prin-gaccsagbara@guj.gov.edu.in**

सत्यमेव जयते
ગુજરાત સરકાર

તારીખ: 21/08/2026

## SSIP અંતર્ગત આયોજિત જાગૃતિ અને માર્ગદર્શન કાર્યક્રમ નો અહેવાલ

સરકારી વિનયન કોલેજ, સાગબારા ખાતે તા. 21/08/2024ના રોજ Student Startup and Innovation Policy (SSIP) અંતર્ગત વિદ્યાર્થીઓમાં નવીનતા, સર્જનાત્મકતા, સ્ટાર્ટઅપ તથા ઉદ્યોગ સાહસિકતા અંગે જાગૃતિ કેળવવાના હેતુથી માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. ચેતન ચૌધરીના માર્ગદર્શન હેઠળ તથા SSIP સંયોજક શ્રી ગોવિંદ નિનામાના સંકલનથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને નવીન વિચારો વિકસાવવા, રોજિંદા જીવનની સમસ્યાઓને ઓળખી તેના વ્યવહારુ ઉકેલો શોધવા તથા પોતાના વિચારોને સ્ટાર્ટઅપ અથવા પ્રોજેક્ટ સ્વરૂપે વિકસાવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને SSIP અંતર્ગત મળતી વિવિધ તકો અને સહાય અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.

ઉપરોક્ત વિષય અનુસંધાને પ્રા. ગોવિંદ નિનામા અને ગ્રંથપાલ જિજ્ઞાસા મેડમ દ્વારા વિદ્યાર્થીઓને SSIP અંગેનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, આ કાર્યક્રમમાં 173 જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાના વિચારો રજૂ કરી માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમના પરિણામે વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક વિચારસરણી, નવીનતા તથા ઉદ્યોગ સાહસિકતા અંગે જાગૃતિ અને રસ વધ્યો હતો. SSIP અંતર્ગત આયોજિત આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક, ઉપયોગી અને પ્રેરણાદાયી સાબિત થયો હતો.

SSIP સંયોજક,

પ્રા. ગોવિંદ નિનામા

सत्यमेव जयते
ગુજરાત સરકાર

# GOVERNMENT ARTS COLLEGE SAGBARA
## TA – SAGBARA, DI-NARMADA

Contact No – 8905050150 Website: gacsagbara.gujgov.edu.in
Email : psagbara@gmail.com
Prin-gaccsagbara@guj.gov.edu.in

GOVERNMENT ARTS COLLEGE, SAGBARA
विद्याधनं सर्वधनप्रधानम्
EST. 2012






सत्यमेव जयते
ગુજરાત સરકાર

# GOVERNMENT ARTS COLLEGE SAGBARA
## TA – SAGBARA, DI-NARMADA

Contact No – 8905050150 Website: gacsagbara.gujgov.edu.in
Email : psagbara@gmail.com
Prin-gaccsagbara@guj.gov.edu.in




